**ફોજદારી પરચુ. અરજી નં. ૮૪/૨૦૨૬**
**સંતરામપુર પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં. ૧૧૧૮૭૦૦૭૨૬૦૩૯૯/૨૦૨૬**

---

*-:: મુદ્દામાલ અરજી લગત હુકમ ::-*

**સંતરામપુર પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં. ૧૧૧૮૭૦૦૭૨૬૦૩૯૯/૨૦૨૬ ના કામે મુદ્દામાલ આઇસર ગાડી GJ 23 AT 8532 ની વચગાડાની કસ્ટડીથી પરત મેળવવાની અરજી લગત હુકમ.**

(૧) અરજી તથા અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. અરજદારના વિ.વ.શ્રી. ને તેમજ સરકારી વકીલશ્રીને સાંભળ્યા.

(૨) અરજદાર વિ.વ.શ્રીએ અદાલતને એવી રજુઆત કરેલ છે કે, આ કામે પોલીસ મુદ્દામાલ તરીકે **આઇસર ગાડી GJ 23 AT 8532 ની** સંતરામપુર પો.સ્ટેશનના પ્રોહી ગુના ના કામ કબજે કરવામાં આવેલ છે. આ વાહન લાંબા સમય સુધી વપરાશ વગર પડી રહે તો તેની બોડી ને નુકશાન થાય તેમ હોય અને અરજદારને રોજીંદી વપરાશનુ વાહન હોય વચગાળાની કસ્ટડી પરત મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદાર તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, સદરહું ગુનાના કામે વાહન કબજે કરવામાં આવેલ છે જે વાહન અરજદારની માલીકી ની હોઈ નામ. કોર્ટ જે પણ શર્ત ફરમાવશે તેનુ પાલન કરવા બાંહેધરી આપતા હોય, વચગાળાના હુકમ થી પરત આપવા ન્યાયના હીતમાં હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૪) સદરહું કામે અરજદારની અરજી લગત થયેલ હુકમ મુજબ ત.ક. અમલદારશ્રીનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જે સંતરામપુર પો.સ્ટે. જાવક નં. ૨૧૮૪/૨૦૨૬ થી રજુ કરેલ છે જે વંચાણે લેતાં અરજીમાં જણાવેલ વાહનમાંથી કિમત રૂા. ૪૩,૭૮,૩૯૭/- નો મુદ્દામાલ કુલ બોટલ નંગ-૧૭૦૯૦ કબજે કરવામાં આવેલ છે. સદરહુ વાહન વચગાળાની કસ્ટડીથી અરજદારને પરત સોંપવામાં આવે તો અરજદાર અન્ય ગુના ના કામે ગુનાહીત પ્રવુતિ માં ફરી ઉપયોગ કરે તેવી સંભાવના હોઈ, વાહન પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૫) શ્રી સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રીએ મુદ્દામાલ પરત નહી સોપવા સંબંધેનો અરજી લગત નો શેરો કરેલ છે.

**એડી.ચીફ.જ્યુ મેજી.,મુ.તા. સંતરામપુર**

(૬) આ ગુનાના કામે સ્થળ પર એક ઈસમની અટક કરવામાં આવેલ છે જેના ધ્વારા વાંધા અરજી તેમના વકીલ શ્રી સાથે હાજર થઈ આંક–૫ થી રજુ કરેલ છે જેમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓ રસ ધરાવનાર અને અસરકર્તા હોય અરજદારને વાહન પરત નહીં સોંપવાની અને અરજી મંજુર કરવા સામે વાંધો હોવાનુ જણાવેલ છે.

(૭) અરજીના કામે રજુ કરેલ વાહનની આર.સી. બુક વંચાણે લેતા હાલના અરજદાર આ વાહનના રજી. માલકીનુ હોવાનું જણાઈ આવે છે.

(૮) નામદાર સુપ્રિમકોર્ટે સુંદર અંબાલાલ વિરૂધ્ધ ગુજરાત રાજ્ય કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા મુદામાલની વચગાળાની કસ્ટડી અંગેનો નિર્ણય દિન : ૧૫ માં કરી દેવો જોઈએ અને વાહન ટ્રાયલની કાર્યવાહી પૂર્ણ થાય સુધી પોલીસ સ્ટેશનમાં અનામત રાખવાનો કોઈ મતલબ નથી તેમ કરવાથી વાહનના માલિકને તેના વપરાશ થી વંચીત કરવા બરાબર ગણાશે અને મુદામાલની જાળવણી માટે બીનજરૂરી સરકારી તીજોરી ઉપર ભાર નાખવા બરાબર રહેશે, મુદ્દામાલ યોગ્ય શરતોને આધીન વાહનના માલિકને પરત કરવુ જોઈએ તેવુ ઠરાવેલ છે.

(૯) ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ ૯૮(૨) તથા ગુજરાત પ્રોહીબીશન (લીકર સેમ્પલ એન્ડ ડીટરમીનેશન ઓફ કોનીટીટી સીઝડ લીકર) રૂલ્સ ૨૦૧૨ ના રૂલ –૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો,

<u>ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ કલમ ૯૮</u>

***98(1) XXX***

***(2) Any receptacle, package or covering in which any of the articles liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyances used in carrying any such***

***article shall like-wise be liable to confiscation by the order of the Court but it shall not be released on bond or suriety till the final judgment of the court where the quantity of the seized liquor is exceeding the quatity as may be prescribed by the rules.***

ગુજરાત પ્રોહીબીશન (લીકર સેમ્પલ એન્ડ ડીટરમીનેશન ઓફ કોનીટીટી સીઝડ લીકર) રૂલ્સ ૨૦૧૨ ના રૂલ –૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો,

***Rule- 9 Seizure of vehicle when quantity more than 10 liters :- Where the quantity of liquor seized is more than 10 litre in respect of any offence punishable under the act the vehicle or conveyance carrying such liquor shall be liable to confiscated in accordance with the provision of sub section (2) of section 98 of the act.***

હાલના કેસમાં પોલીસે અભિપ્રાય સાથે રીકવરી પંચનામુ રજુ કરેલ છે અને રીકવરી પંચનામું વંચાણે લેતા અરજીમાં જણાવેલ વાહનમાંથી વિદેશી દારુનો જથ્થો કબજે કરવામાં આવેલ હોઈ કાયદાની કલમ: ૯૮(૨) મુજબ વાહનને વચગાડાની કસ્ટડી થી મુકત કરવા પર પ્રતીબંધ કરેલ હોઈ તેમજ તપાસ હજુ ચાલુ હોઈ અરજદાર ની અરજી સંબંધે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- આ કામના અરજદાર(દેવેન્દ્રસિંહ ભારતસિંહ રાણા, રહે. ઈન્દ્રસિંહના મુવાડા, અન્દરસિંગના મુવાડા, જી. મહીસાગર.) નાઓની મુદ્દામાલ

**ફોજદારી પરચુ. અરજી નં. ૮૪/૨૦૨૬**
**સંતરામપુર પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં. ૧૧૧૮૭૦૦૭૨૬૦૩૯૯/૨૦૨૬**

---

આઈસર ગાડી GJ 23 AT 8532 ની વચગાળાની કસ્ટડીથી પરત મેળવવાની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તા. ૦૯ મી માહે જુલાઈ સને–૨૦૨૬ ના રોજ કોર્ટની સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : મુ.તા. સંતરામપુર

તારીખ : ૦૯/૦૭/૨૦૨૬.

(શમા જાવેદહુસેન મેમણ)
એડીશનલ ચીફ જ્યુડી.મેજી.
જી. મહીસાગર
(કોડ નં. જી.જે. ૦૧૩૫૩)